# અરવલ્લીમાં યમરાજનો પડાવ

## મોડાસાના સુનોખ પાસે ઈનોવા કાર ટ્રક પાછળ ઘુસી જતા બે ના મોત : બે ગંભીર

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના શામળાજી-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ ઉપર એક મહીનાની અંદર અકસ્માતમાં મોત નિપજવાનો આંકડો ૧૦ને પાર કરી ગયો છે. જાણે યમરાજાએ અરવલ્લી જિલ્લામાં પડાવ નાંખ્યો હોય તેમ અકસ્માતની ઘટનામાં મોત નિપજવાની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આજે વહેલી સવારે શામળાજી-હિંમતનગર માર્ગ ઉપર સુનોખ આશ્રમ પાસે અજમેર શરીફથી મુંબઈ પરત જઈ રહેલા એક મુસ્લિમ પરિવારની ઈનોવા કાર ટ્રક પાછળ ઘુસી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક જ પરિવારના બે સભ્યોના મોત નિપજયા હતા જયારે બે સભ્યોની હાલત ગંભીર હોવાથી સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા છે.

આધારભુત સુત્રોના જણાવ્યા મુજબ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના અને ઉદેપુર શામળાજી નેશનલ હાઈવે નં ૮ ઉપર આવેલા સુનોક આશ્રમ નજીક આજે વહેલી સવારે મુંબઈનો મુસ્લિમ પરિવાર રવિવારે છઠ્ઠી હોવાના કારણે અજમેર શરીફ ખ્વાજા ગરીબ નવાઝની છઠ્ઠીના ઉર્ષ પર દરગાહ પર હાજરી આપી પરત ફરી રહ્યો હતો ત્યારે સુનોખના આશ્રમ નજીક ઈનોવા કાર (નં. એમએચ/૦૨ સીડબલ્યુ ૧૫૧૧) આગળ જઈ રહેલી અજાણી ટ્રક-કન્ટેનરની પાછળ ધડાકાભેર ઘુસી જતા ઈનોવા કારમાં મુસાફરી કરી રહેલા મુંબઈના યોગેશ્વર વેસ્ટ વૈશાલી નગરમાં રહેતા નૌશાદ અહેમદ રશીદ અહેમદ સિદ્દીકી (ઉ.૫૭), સઈદાખાતુ નૌશાદ અહેમત સિદ્દીકી (ઉ.વ. ૫૫) પતિ પત્નિનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નિપજયું હતું જયારે તેમના બે સંતાન ૬વર્ષના અમાન અને ૨ વર્ષીય પુત્રી ગંભીર રીતે ઘવાતા અમદાવાદની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

વહેલી સવારે થયેલા ગમખ્વાર અકસ્માતમાં કારના ફુરચે ફુરચા ઉડી ગયા હતા ઈનોવા સવાર પતિ-પત્નિના મૃતદેહ ઈનોવા કારમાં ફસાઈ ગયા હતા અકસ્માતના પગલે દોડી આવેલા ગામ લોકોએ ઈનોવા કારમાં ફસાયેલ અમાન અને યુવાન મહીલા જીવીત જણાતા સુનોખ ટોલટેક્ષની એમ્બ્યુલન્સ દ્વારા શામળાજી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા જયાં બંનેની હાલત ગંભીર જણાતા તાત્કાલિક અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા જયારે મૃત્યુ પામેલા પતિ પત્નિને બહાર કાઢી પી.એમ. માટે શામળાજી સીવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતના પગલે શામળાજી પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલા તેમની ટીમ સાથે દોડી આવી અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા ટ્રક ચાલકને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી.

# પ્રાંતિજમાં સોનીની દુકાનમાંથી ચાંદીના દાગીનાની ચોરી

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ દેસાઈની પોળ હઠીલા હનુમાન મંદિર વિસ્તારમાં આવેલ એક સોના-ચાંદીના વેપાર કરતાં વેપારીને ત્યાંથી અંદાજે ૪૦,૦૦૦ થી પણ વધારે ચાંદીના દાગીનાની ચોરી થઈ. ગ્રાહક બનીને આવેલ ગઠીયો જ જોવા આપેલ દાગીના લઈ જવાનું વેપારીનું અનુમાન છે.

પ્રાંતિજ બજારચોક ભરચક વિસ્તારમાં આવેલ જગદીશ જ્વેલર્સ નામની દુકાનમાંથી ગ્રાહક બની આવેલ ગઠીયો વેપારી પાસે ચાંદીના દાગીના કલ્લા જોવા માંગી વેપારીનું ધ્યાન બીજે દોરી ત્યાંથી ચાંદીના કલ્લા લઈ ગાયબ થઈ ગયો હતો. જયારે બીજો ગ્રાહક આવતાં તેને કલ્લા જોઈતાં હોવાથી તેને બતાવતાં જતાં કલ્લા ના મલતાં તેને તરત જ લાઈટ થઈ કે કલ્લા આગળ આવેલ ગ્રાહક લઈ ગયો આમ વેપારીને ગ્રાહક બની આવેલ ગઠીયો ૪૦,૦૦૦ ની કિંમતના કલ્લા લઈને ગાયબ થઈ ગયો. જ્યારે દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવેલ છે. પણ બંધ હાલતમાં હોવાથી સીસીટીવી ફુટેજ પણ થઈ શકે તેમ નથી. જ્યારે તા. ૨૬મી એપ્રિલના રોજ બનેલી ઘટનાની જાણ હજું સુધી પોલીસ ચોપડે થઈ નથી જ્યારે અવારનવાર આવા બનાવો બનતા પણ પોલીસ દફતરે આવતા નથી જ્યારે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ ના થતાં પોલીસ અને આવા ગઠીયાબાજોને ફાવતુ મલી જાય છે. પોલીસના લફરાથી છુટવા લોકો ઘણીવાર ચોરીના ગુનાઓ નોંધાવતા નથી અને એમ સમજી બેસે છે કે હજું સુધી કોઈનું ગયેલું ક્યાં પાછું આવ્યું છે જેથી મોટાભાગે ફરીયાદ કરવાનું ટાળે છે. હાલ તો પ્રાંતિજ બજારમાં વેપારીઓ ઉપર પનોતી બેઠી હોય તેમ લાગી રહ્યું છે. કે એકજ અઠવાડિયામાં એક પછી એક વેપારીઓને ત્યાં આવા ભેજાબાજો કોઈને કોઈ રીતે કિસ્મત અજમાવી ખેલ ખેલી જાય છે. અવારનવાર બનતી ઘટનાઓ સામે પોલીસ માત્ર બે હાથ જોડીને લાચાર હોય તેવું હાલ તો જણાઈ આવે છે.

## બનાસકાંઠા જિલ્લા ભાજપની કારોબારી અને મહાસંપર્ક અભિયાન વર્કશોપ યોજાશે

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીની જિલ્લા કારોબારીની બેઠક અને મહાસંપર્ક અભિયાન વર્કશોપ જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણની અધ્યક્ષતામાં તા. ૩૦-૪-૨૦૧૫ને ગુરૂવારે બપોરે ૨.૦૦ કલાકે, જૈન વિહારધામ, ભીલડી હાઈવે, આખોલ ચાર રસ્તા, ડીસા ખાતે યોજવામાં આવેલ છે. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી અને રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહીને મહાસંપર્ક અભિયાન વર્કશોપમાં કાર્યકરોને માર્ગદર્શન આપશે. જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા પણ ઉપસ્થિત રહેશે.

# શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લાના સુઈગામ, વાવ અને ભાભર વિસ્તારના ગામોની મુલાકાત લીધી

પાલનપુર, તા. ૨૭



આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહનવ્યવહાર રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠા જીલ્લાના સુઈગામ, વાવ, માવસરી અને ભાભર વિસ્તારના ગામોની મુલાકાત લઈ અગ્રણીઓ અને ગ્રામજનો સાથે વર્તમાન પરિસ્થિતી તથા વિકાસકીય કામો અંગે ચર્ચા વિચારણા કરી હતી. સરહદી વિસ્તારના ગામોના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓ સાથે મંત્રીશ્રીએ સમીક્ષા બેઠક કરીને લોકોને માટે જરૂરી વિકાસકામો સત્વરે હાથ ધરવા સુચના આપી હતી.

વાવ તાલુકાના બરડવી, માવસરી અને પાનેસરા ગામના તળાવો નર્મદાના પાણીથી છલોછલ ભરવામાં આવ્યા છે. શંકરભાઈ ચૌધરીએ મુલાકાત લીધી હતી. આ તળાવો પાણીથી ભરાયેલા હોવાથી આ વિસ્તારના નાગરિકો તથા ગાય, ભેંસ, બળદ જેવા પશુઓ ઉપરાંત ઘુડખર, ચિંકારા અને નીલગાય જેવા વન્યપશુઓ માટે પણ તળાવમાં ભરેલુ પાણી આશિર્વાદરૂપ નિવડે છે. માવસરી ગામ રાજસ્થાનની બોર્ડર ઉપર બહુ નજીક હોવાથી માવસરીના લોકો તથા રાજસ્થાનના લોકો અને પશુઓ પણ તળાવનો પાણીનો ઉપયોગ કરી રાહત અને સંતોષ મેળવે છે.

તા. ૩૧ માર્ચથી નર્મદા કેનાલમાં પાણી બંધ કરવાનું હતું, ત્યારે મંત્રી શંકરભાઈ ચૌધરીએ આ વિસ્તારની સ્થિતી તથા લોક માંગણીને મુખ્યમંત્રી સમક્ષ રજુ કરી નર્મદાનું પાણી તા. ૩૦ એપ્રિલ સુધી ચાલુ રાખવાની પરવાનગી મેળવતાં સરહદી વિસ્તારને મોટો લાભ થયો છે. આ પ્રસંગે અગ્રણીઓ સર્વશ્રી વીરજીભાઈ પટેલ, ગુમાનસિંહ ચૌહાણ, રૂપસીભાઈ પટેલ, લાલજીભાઈ પટેલ, પીરાભાઈ ગામોટ, ઉમેદદાન ગઢવી સહીત અધિકારીઓ અને ગ્રામજનો સારી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા.

## પાલનપુરમાં આજથી સમર કોચિંગ કેમ્પનો પ્રારંભ

પાલનપુર, તા. ૨૭

રાજયના રમતગત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત આયોજીત તથા જીલ્લા વહીવટીતંત્ર બનાસકાંઠા સંચાલીત સમર કોચિંગ કેમ્પનો તા. ૨૮થી પ્રારંભ થશે. બનાસકાંઠામાં જીલ્લા અને તાલુકા કક્ષાના કોચિંગ કેમ્પ તા. ૨૮-૪-૨૦૧૫ થી તા. ૧૨-૫-૨૦૧૫ સુધી યોજાશે.

આ કોચિંગ કેમ્પમાં ખેલ મહાકુંભ-૨૦૧૪ના વિજેતા ખેલાડીઓ ભાગ લેશે. વિજેતા રમતવિરોના રમત કૌશલ્યને વધુ શાનદાર બનાવવા સમર કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નિષ્ણાત કોચ દ્વારા ખેલાડીઓને તાલીમ આપવામાં આવશે. બનાસકાંઠા જીલ્લામાં કુલ ૧૨ સ્થળોએ શાળા સંકુલોમાં એથ્લેટીકસ ખો-ખો, વોલીબોલ, કબડ્ડી અને ચેસ જેવી રમતોની તાલીમ અપાશે.

બનાસકાંઠા જીલ્લા રમતગમત અધિકારીશ્રી એમ. એલ. ધોયાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે ખેલ મહાકુંભ-૨૦૧૪માં બનાસકાંઠા જીલ્લો રાજયકક્ષાએ ૪૫ મેડલ મેળવીને ૧૧ મા સ્થાને રહ્યો છે. તેમણે કહ્યું કે બનાસકાંઠાના રમતવિરો જીલ્લાનું નામ રોશન કરશે.

# અરવલ્લી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું

## મોડાસાની ડૉ. બાબા સાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય (અનુ.જાતિ)માં પ્રાથમિક સુવિધાનો અભાવ

મોડાસા, તા. ૨૭

ભારત સરકાર દ્વારા અને ગુજરાત સરકાર દ્વારા અનુ. જાતિના વિકાસ માટે વિવિધ ગ્રાન્ટો ફાળવવામાં આવતી હોવા છતાં યોગ્ય વહીવટીતંત્રના અભાવે અનુ. જાતિના લોકો સુધી સહાય પહોંચતી ન હોવાની બુમો વારંવાર સાંભળવામાં આવે છે. તદ્ ઉપરાંત અનુ. જાતિના વિદ્યાર્થીઓના વિકાસ અને શહેરમાં રહી ઉચ્ચ અભ્યાસ મેળવી શકે તે માટે શહેરમાં છાત્રાલયો ઉભા કરવામાં આવે છે પરંતુ આવા છાત્રાલયોમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાથી ન છુટકે અનુ. જાતિના વિદ્યાર્થીઓને છાત્રાલય હોવા છતાં સ્વ-ખર્ચે ખાનગી મકાનોમાં રહી ભાડા ભરવાનો વારો આવે છે. પરિણામે અનેક બાળકો અધુરો અભ્યાસ છોડી ઘર તરફ પ્રયાણ કરતા હોય છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં અનુ. જાતિના વિદ્યાર્થીઓ રહી અભ્યાસ કરી શકે તે માટે મોડાસા શહેરથી ૩.૫ કિ.મી. દૂર જંગલોમાં સાયરા બ્લોક ફેક્ટરીની નજીક મોટી બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેથી અહીં રહેતા વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે ૩ થી ૫ કી.મી. સુધી અપડાઉન કરી હાલાકી અનુભવવી હોવા છતાં વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ મેળવવા માટે તકલીફોનો સામનો કરી રહ્યા છે. પરંતુ મોડાસાથી દૂર સરકારી છાત્રાલયોમાં સુવિધાઓનો તદ્દન અભાવ છે. જેવી કે, પીવાનું પાણી ક્ષારવાળુ અને ડહોળું હોવા છતાં ફિલ્ટર કે કુલરની કોઈ સુવિધા કરવામાં આવી નથી. તેમજ છાત્રાલયના બિલ્ડીંગના નિર્માણ સમયે કરવામાં આવેલ લાઈટ ફીટીંગમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોય તેમ હલકી કક્ષાનું મટીરીયલન્સ વપરાયું હોવાથી વારંવાર શોર્ટ સર્કીટના બનાવો બને છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

જેથી વિદ્યાર્થીઓને જાનનો જોખમ રહેલો છે. છાત્રાલયમાં જમવાનું પણ બિન આરોગ્ય પ્રદ ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષથી વિદ્યાર્થીઓની જમવાની થાળીમાંથી દુધ અને છાશ ગાયબ થઈ ગયા છે. મોડાસા-મેઘરજ મુખ્ય માર્ગ પરથી છાત્રાલય સુધી જવાનો માર્ગ કાચો હોવાના કારણે ચોમાસાના સીઝનમાં કાદવ-કીચડમાંથી પસાર થવું પડે છે. છાત્રાલયના વોર્ડન અનિયમિત અને નશામય હાલતમાં રહેતો હોવાથી છાત્રાલયના વિદ્યાર્થીઓને પડતી તકલીફની રજૂઆત કરવા જતા નશામય રહેતો હોવાથી ઉધ્ધત વર્તન કરે છે તેમજ છાત્રાલયનો રસોઈયો પણ નશો કરીને આવતો હોવાથી છાત્રાલયના વિદ્યાર્થીઓ જમવા માટે કોઈ રજૂઆત કરે તો અપશબ્દોનો પ્રયોગ કરી વિદ્યાર્થીઓને ધમકાવવામાં આવે છે. છાત્રાલયની અંદર સ્વચ્છતા અભિયાનના લીરે લીરા ઉડાવવામાં આવતા હોય તેમ ગંદકીથી ખદબદે છે. તેમજ સફાઈ કામદાર પણ અનિયમિત છે. છાત્રાલયમાં લાઈબ્રેરીની સુવિધા હોવા છતાં જરૂરીયાત મુજબના પુસ્તકો ન હોવાથી કે સમાચાર પત્રો કે મેગેઝીન ન હોવાથી લાઈબ્રેરી ભુતીયા બની ગઈ છે. આમ ડૉ. બાબાસાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય અનુ. જાતિમાં રહેતા અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હાલત દયનીય બની જતા અને અસહ્ય થતા વિદ્યાર્થીઓ ન છુટકે કંટાળી આજે અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકને આવેદન પત્ર આપ્યું હતું.

## હિંમતનગરના ચંદ્રનગર વિસ્તારમાં બંધ મકાનમાં ૩૩ હજારની ચોરી

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જીલ્લાના હિમતનગરમાં રવિવારે રાત્રીના સમયે કોઈ અજાણ્યો ઈસમ મોતીપુરા વિસ્તારમાં આવેલ બહેરા મૂંગા શાળા નજીકની ચંદ્રનગર સોસાયટીમાં બંધ મકાનનું ચાવી વડે તાળું ખોલી રોકડ ૨૦ હજાર સહીત ૩૩ હજાર ની મુદામાલ ની ચોરી કરી લઈ જતા હિમતનગર એ ડીવીઝન પોલીસ મથકે સોમવારે રાજુભાઈ વ્યાસે ફરિયાદ નોધાવી હતી.

રાજુભાઈ વ્યાસના બંધ મકાનનું તાળું કોઈ અજાણ્યા ઈસમે કોઈ ચાવી વડે ખોલી ને અંદર સોકેશમાં મુકલે પાકીટમાંથી રોકડા ૨૦ હજાર અને ત્રણ મોબાઈલ કીમત રૂ ૧૩,૫૦૦ મળી કુલ રૂ ૩૩,૫૦૦ ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ અંગે સોમવારે સવારે જાણ થતા હિમતનગર એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ રાજુભાઈ વ્યાસે ફરિયાદ નોધાવી હતી.

# મોડાસાના આનંદપુરા કંપા નજીક ટ્રક-લકઝરી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં એકનું મોત

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં અકસ્માતનું પ્રમાણ ભયજનક રીતે વધવાની સાથે અકસ્માતની ઘટનામાં મૃત્યુ પામનાર સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આજ વહેલી સવારે મોડાસા શહેરના બાયપાસ રોડ નજીક આવેલા આનંદપુરા કંપાની સીમમાં ટ્રકચાલકે લકઝરી બસને અડફેટ લેતાં ૧ વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે લકઝરીમાં મુસાફરી કરી રહેલા ૨૨ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. જે અંગે મોડાસા ટાઉન પોલીસે ફરીયાદ નોંધી ફરાર ટ્રકચાલકને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના સહયોગ ચોકડી નજીક આવેલા આનંદપુરા કંપાની સીમમાં આવેલા શામળાજી-ગોધરા મુખ્ય માર્ગ પર મુંબઈ તરફથી આવી રહેલ અને રાજસ્થાન તરફ જતી લકઝરી બસ (ગાડી નં. આર.જે.૦૯ પી.બી.૦૩૩૩)ને તેની પાછળ માલપુર તરફથી આવી રહેલા ટ્રક ચાલકે પોતાની કબજામાં રહેલી ટ્રક (ગાડી નં. જી.જે.૧૭ એક્સ. ૩૮૯૧)ને પુર ઝડપે ગફલતભરી રીતે હંકારી ઓવરટેક કરવાની લ્હાયમાં રોંગ સાઈડ ટ્રકને હંકારી લકઝરી બસને અડફેટે લેતાં લકઝરીબસ અને ટ્રક બન્ને રોડની સાઈડમાં રહેલા ખેતરોમાં પલટી ખાઈ ગઈ હતી. વહેલી સવારે લકઝરી બસમાં મુસાફરી કરી ઘોરનિંદ્રા પાણી રહેલા મુસાફરોએ લકઝરી બસ રોડની સાઈડમાં ખાબકતાં ચીસાચીસ કરી મુકી હતી. અકસ્માતના પગલે આનંદપુરા કંપાના રહીશો અને બાયપાસ રોડ આવેલ સોસાયટીના લોકો દોડી ગયા હતા. જેમાં લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા એક યુવાન વિષ્ણુ નેનુરામ ખટીક (રહે. ગંગાપુર)નું ઘટનાસ્થળે મોત નિપજતાં અને લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો દ્વારા તમામ ઈજાગ્રસ્ત ૨૨ મુસાફરોને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં ૫ થી વધુ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી જ્યારે ૧૭ મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જે અંગે લાલસિંહ છગનસિંહ ભાટી (સીલોલા, તા. આમેદ, રાજસ્થાન)ની ફરીયાદને આધારે ગફલતભરી રીતે ટ્રક હંકારી લકઝરી બસને અડફેટે લઈ ૧નું મોત નિપજાવવાનો અકસ્માતનો ગુન્હો નોંધી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.જે. ચૌધરીએ ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પોશીના સ્વામીનારાયણ મંદિરમાં વનવાસી સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પોશીના ખાતે આવેલ નવ નિર્મિત બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં સોમવારે વનવાસી સમાજનો પ્રથમ સમુહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૧૪ યુગલો શાસ્ત્રોકત વિધિથી લગ્નગ્રંથીથી જોડાયા હતા.

આ અંગે અર્જુનભાઈ ઉદાભાઈ તરાર, ચંદ્રાણાના સરપંચ મનુભાઈ ગમારના જણાવ્યા અનુસાર વર્ષોથી વનવાસી સમાજમાં લગ્ન પ્રસંગે દારૂનો ઉપયોગ કરીને અનેક ઝઘડા થતા હતા. જેના કારણે વનવાસીઓ વચ્ચે મનદુઃખ થતુ હતું. જેથી બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં આ બદીને દૂર કરવા સમુહલગ્નોત્સવનો પ્રસ્તાવ સમાજના અગ્રણીઓ સમક્ષ રજુ કરાયો હતો.

જેને વનવાસી સમાજે આવકારી સ્વીકારી લીધો હતો. ત્યારબાદ સોમવારે યોજાયેલ પ્રથમ સમુહ લગ્નોત્સવમાં આદિજાતિ વિકાસ નિગમના અધ્યક્ષ રમીલાબેન બારા, તાલુકા પંચાયતના ઉપ-મુખ સુરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યુગલોને ઘરવખરીનું દાન કરવામાં આવ્યુ હતું. જેના કારણે વનવાસી સમાજમાં આનંદની લાગણી પ્રસરી છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧